# કેશોદના અધિક ચીફ જ્યુડી.મેજી.,શ્રી વી. એસ. પટેલ સાહેબશ્રી સમક્ષ, કેશોદ.

---

**ફોજદારી કેસ નં.૧૮૪/૨૦૨૬**

**આંકઃ ૧૦**

ફરિયાદીઃ **શ્રી સરકાર**

(કેશોદ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૦૨૫૦૪૦૭/૨૦૨૫)

**વિરૂદ્ધ**

આરોપીઓઃ (૧) નયુમભાઈ મુસાભાઈ સોઢા,
(૨) હુસેનભાઈ સીદીકભાઈ મહિડા,
(૩) અબ્દુલભાઈ સીદીકભાઈ સોઢા,
(૪) રોહિત હનીફભાઈ જેઠવા,

**ગુન્હોઃ જુગાર ધારા ની કલમ–૧૨મુજબ**

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે આરોપીઓએ ગુન્હો કેરલ હોય આરોપીઓ વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધીલ તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગાર ધરાની કલમ ૧૨ મુજબ ના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી છે.ત્યારબાદ આરોપીઓ ગુન્હો કબુલ હોવાનુ જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીઓની પ્લી અલગથી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીઓએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીઓની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીઓને જુગારધારાની કલમ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે. પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે. કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીઓએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીઓનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીઓએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીઓએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર, પેજ નં. ૭૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠકોરના કેસમાં ઠરાવેલ છે કે, જયારે પુરતા અને વ્યાજબી કારણો હોય ત્યારે કેસના સંજોગોને ધ્યાનમાં લઈ કોર્ટ લઘુતમ સજાથી પણ ઓછી સજા કરી શકશે. ત્યારે હાલના ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ, કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ સજાનો અહેસાસ થાય અને ન્યાયનો હેતુ જળવાય તે રીતે સજા કરવામાં આવે તો તે યોગ્ય રહેશે તેમ આ

અદાલતનું માનવું છે, તથા આરોપી જેલમાં અન્ય રીઢા ગુનેગારોના સંપર્કમાં આવે તો તેના જીવન પર વિપરીત અસર થવાની પણ સંભાવના છે. આ સંજોગોમાં આરોપીને કાયદામાં નિયત કરેલ લઘુતમ સજાથી પણ ઓછી સજા કરવા માટે પુરતા સંજોગો છે તથા લઘુતમ સજાથી પણ ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ આ અદાલતનું માનવું છે,આરોપીઓને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીઓની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીઓની રજુઆત ધ્યાને લેતા, આરોપીઓની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુનો હોય પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ ની કલમ ૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા.૧૦૦/- (અંકે રૂપીયા એકસો પુરા) લેખે કુલ રૂા.૪૦૦(અંકે રૂપીયા ચારસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધી નો સજાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીઓ દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨) આરોપીઓના જામીન ખત અને જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૩) વધુમાં આ કામે આરોપીઓએ નો-કલેઈમ પુરસીસ રજૂ કરેલ હોય, અપીલ પીરીયડ બાદ રોકડ રકમ સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો તથા પ્રતિબંધિત મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા વાહન/મોબાઈલ મુદામાલ અંગે જો કઈ વચગાળા નો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો ધારાધોરણની કાર્યવાહી કરી માલીકીની ખરાઈ કરી માલિકને પરત કરવો.

આજ રોજ તારીખ **૧૪મી** માહે **માર્ચ**,સને **૨૦૨૬** નાં રોજ સ્પેશિયલ મેજીસ્ટ્રેટીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ:-કેશોદ

**(વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ )**
એડી.ચીફ.જ્યુડી.મેજી.
કેશોદ.
**કોડ: જીજે ૦૧૪૮૪**